સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૨૪-૭-૦૮ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૭-૭-૦૮ ના પત્ર નં.સી.સ્થા.સ./૪૨૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા તરફથી હાથ ધરાતા નાના-મોટા બાંધકામો માટે સ્ટ્રકચરલ ડીઝાઈન તથા અંદાજ વિગેરે તૈયાર કરાવવા માટે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૯૧/૨૦૦૧, તા.૦૮-૦૨-૦૧ થી નિયુકત કરવામાં આવેલ કુલ-૩૩ સ્ટ્રકચરલ ઈજનેરોની પેનલના સભ્યોની રજુઆતો સંદર્ભે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, ઉકત કામે નીચે જણાવેલ નવી ફી / શરતો / નિયમો વિગેરેનું માળખું નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે સિવિલ પ્રોજેકટોની અંદાજીત રકમ ૨૦.૦ લાખ કે તેથી ઓછી હોય તેવા કિસ્સામાં સ્ટ્રકચરલ ડીઝાઈન તથા અંદાજ તૈયાર કરી જમા કરાવવા માટેની લઘુત્તમ પ્રોફેશનલ ફી રૂા.૨૦,૦૦૦/- આપવાની રહેશે.

(૨) બિલ્ડીંગના કામોમાં રૂા.૫.૦૦ પ્રતિ ચો.ફુટ સ્ટ્રકચરલ ડીઝાઈન પેટે ચુકવવાના રહેશે. જયારે અંદાજ બનાવવાના રૂા.૦.૭૫ પ્રતિ ચો.ફુટ મુજબ ગણતરી કરતાં કુલ રૂા.૫.૭૫ પ્રતિ ચો.ફુટ મુજબ ચુકવવાની રહેશે. જેમાં સ્ટ્રકચરલ ઈજનેર તરફથી ડીઝાઈન તથા અંદાજ તૈયાર કરી ચાર સેટોમાં અત્રે જમા કરાવવાના રહેશે. અને સાઈટ પર જયારે કામ ચાલુ થાય ત્યારે Major Concrete કામ વખતે સ્થળ ઉપર ડીઝાઈન મુજબ સ્ટીલની ગોઠવણી થયેલ છે કે કેમ ? તે ચકાસવાની રહેશે અને જરૂરીયાત મુજબ સાઈટ વીઝીટ કરવાની રહેશે જેનું અલગથી કોઈપણ પેમેન્ટ આપવાનું રહેશે નહી.

(૩) રીપીટીટીવ ડીઝાઈન માટે તેવા બાંધકામના વિસ્તાર માટે રૂા.૨.૫૦ પ્રતિ ચો.ફુટ લેખે આપવાના રહેશે. જેમાં અંદાજ બનાવવાનો પણ સમાવેશ થાય છે.

(૪) ડીઝાઈન / અંદાજ રજુ કરવામાં આવે ત્યારે નવા કામ માટે ઉપર જણાવેલ અ.નં. ૨ મુજબ કુલ ફી પૈકી રૂા.૨.૫૦ પ્રતિ ચો.ફુટ અને અ.નં. ૩ મુજબ રીપીટીટીવ ડીઝાઈન માટે રૂા.૧.૫૦ પ્રતિ ચો.ફુટ લેખે કન્સલ્ટન્ટને ચુકાવવા અને બાકીની રકમ ત્યારબાદ હપ્તે હપ્તે ચુકવવી. મોડામાં મોડા કામ શરૂ થયા બાદ એક વર્ષ સુધીમાં પુરેપુરી રકમ ચુકવવાની રહેશે.

(૫) આર.સી.સી બોક્ષ ડ્રેઈનના કામો માટે પ્રથમ ૫૦ મીટર લંબાઈ માટે ટોપ સ્લેબના ચો.ફુટ દીઠ રૂા.૧૦.૦૦ અને ત્યારબાદની તમામ લંબાઈને રીપીટીટીવ

ડીઝાઈન તરીકે ગણી તે માટે ટોપ સ્લેબના ચો.ફુટ દીઠ રૂા.૫.૦૦ ની ફી ચુકવવાની રહેશે. જયારે આવા કામના અંદાજ બનાવવા માટે રૂા.૨૦ લાખ સુધીના અંદાજીત રકમના કામો માટે લઘુત્તમ રૂા.૫૦૦૦/– તથા રૂા.૨૦ લાખથી વધુ રકમના કામો માટે અંદાજ તૈયાર કરવા કુલ અંદાજીત રકમના ૦.૨૫% લેખે ચુકવવાના રહેશે.

(૬) બિલ્ડીગોના કામો માટે આર્કિટેકચરલ ડ્રોઈગ તૈયાર કરવા માટે સ્ટ્રકચરલ ઈજનરોને સોંપવામાં આવે તેવા સંજોગોમાં બિલ્ડીગ કોસ્ટના ૧% લેખે વધારાની ફી ચુકવવાની રહેશે. જેમાં કન્સલ્ટન્ટ તરફથી બિલ્ડીગના તમામ પ્લાનો, એલીવેશન ( તમામ સાઈડના), સેકશન, બારી–દરવાજા / ગ્રીલની ડીટેઈલ, ઈલેકટ્રીફીકેશન તથા પ્લમ્બીંગના તમામ લે–આઉટ આપવાના રહેશે.

(૭) કંપાઉન્ડ વોલના કામો માટે તેની ઉચાઈ અને લંબાઈ મુજબ વોલ એરીયાની ગણતરી કરી પ્રથમ ૫૦ મીટર લંબાઈ માટે ચો.ફુટ દીઠ રૂા.૧૦.૦૦ અને ત્યારબાદની તમામ લંબાઈને રીપીટીટીવ ડીઝાઈન તરીકે ગણી તે માટે ચો.ફુટ દીઠ રૂા.૫.૦૦ ની ફી ચુકવવાની રહેશે. આવા પ્રકારના કામમા લઘુત્તમ ફી રૂા.૨૦૦૦૦/– ચુકવવાની રહેશે. અને ઉપરોકત ફી માં અંદાજ પણ તૈયાર કરી અત્રે ચાર સેટોમાં જમા કરાવવાના રહેશે.

(૮) સ્પેશીયલ પ્રોજેકટો જેવા કે, બ્રીજ, રીટેઈનીંગ વોલ, અંડરગ્રાઉન્ડ ટાંકી, ઓવર હેડ ટાંકી, પમ્પીંગ સ્ટેશન, સમ્પ વેલ, ટ્રસ, મોન્યુમેન્ટસ, ટ્રાફિક આઈલેન્ડ, ફલડ પ્રોટેકશન વોલ, સ્વીમીંગ પુલો વિગેરેમાં ચો.ફુટ દીઠ ફી ચુકવવાનું વ્યવહારૂ નથી. આ કામોનો વિશિષ્ટ પ્રકાર ધ્યાને લઈ જે તે ચાલુ વર્ષના SOR મુજબ થતી અંદાજીત રકમના ૧.૦૦% લેખે ફી નું ધોરણ રાખી પરસ્પરની સમજૂતીથી તબકકાવાર ચુકવણું કરવાનું રહેશે. આ અંગે દરેક કામ માટે અલગ કરારનામું પણ કરવાનું રહેશે.

આ પ્રકારના કામો માટે સ્ટ્રકચરલ ડીઝાઈન / અંદાજની તમામ કામગીરી ઉપરાંત ટેન્ડર સેટ તૈયાર કરવાની કામગીરી પણ સ્ટ્રકચરલ ઈજનેરશ્રીએ કરવાની રહેશે. જેમાં ડ્રાફટ ટેન્ડરની ત્રણ કોપીઓ અને ફાયનલ ટેન્ડર પેપર્સના સેટોની ૧૦ નકલો આપવાની કામગીરીનો પણ સમાવેશ કરવાનો રહેશે, ફાયનલ ટેન્ડરની સોફટ કોપી આપવાની રહેશે, તથા ત્યારબાદ રજુ કરવામાં આવતા વધારાના સેટ દીઠ રૂા.૪૫૦/– પ્રતિ સેટના સ્ટેશનરી ખર્ચ પેટે અલગથી ચુકવવાના રહેશે.

આવા પ્રકારના કામોમાં SOR સિવાયની જે તે આઈટમોનો સમાવેશ થતો હોય ત્યારે તેનું રેઈટ એનાલીસીસ અલગથી આપવાનું રહેશે અને સ્પેશીયલ આઈટમો માટે જે તે આઈટેમના અધિકૃત બ્રાન્ડના વેન્ડરોનું લીસ્ટ પણ આપવાનું રહેશે. આ ઉપરાંત આવા કામમાં વપરાશ થનાર સ્ટીલ / સીમેન્ટનું કેટેગરી વાઈઝ કુલ વપરાશ પત્રક તૈયાર કરી અંદાજ સાથે રજુ કરવાનું રહેશે. તથા આવા પ્રકારના કામોમાં કામગીરી દરમ્યાન ઓછામાં ઓછી ૧૦ વીઝીટ કરવાની રહેશે. જેનું અલગથી કોઈપણ પ્રકારનું પેમેન્ટ કરવામાં આવશે નહીં.

(૯) સ્ટ્રકચરલ ઈજનેરશ્રીઓએ ડીઝાઈન / અંદાજ / ડ્રોઈંગ વિગેરેના ૪ (ચાર) સેટ આપવાના રહેશે પરંતુ ૪ (ચાર) સેટથી વધુ સેટની જરૂર ઉભી થાય તો પ્રતિ નકલ રૂા.૨૦૦/– પ્રમાણે વધારાનું ચુકવણું કરવાનું રહેશે.

(૧૦) સ્ટ્રકચરલ ઈજનેરોની ફી હપ્તે હપ્તે ચુકવવાની રહેશે. જે મોડામાં મોડી કામ શરૂ થયા બાદ એક વર્ષ સુધીમાં પુરેપુરી ચુકવી આપવાની રહેશે. જો સ્થળ ઉપર કામગીરી શરૂ ન થાય તો કામ સોંપ્યાની ૧ વર્ષ બાદ જે તે તબકકે થયેલ કામગીરી ધ્યાને લઈ તે મુજબ અથવા કુલ ફી ના મહત્તમ ૫૦% જેટલી ફી ચુકવી સ્ટ્રકચરલ ઈજનેર ઈચ્છે તો તેમને છુટા કરવાના રહેશે.

(૧૧) આ કામોએ કોઈપણ પ્રકારનો ભાવ વધારો (પ્રાઈસ વેરીએશન) ચુકવવાનો રહેશે નહીં.

(૧૨) સ્ટ્રકચરલ ઈજનેરોને ચુકવવામાં આવતા બીલોમાંથી વખતોવખતના નિર્ણય મુજબ ટેક્ષની કપાત કરવાની રહેશે. સ્ટ્રકચરલ ઈજનેરોને ફી ઉપરાંત પ્રવર્તમાન સર્વિસ ટેક્ષ ઉમેરીને બીલનું ચુકવણું કરવાનું રહેશે.

(૧૩) જો કોઈ સંજોગોમાં ડીઝાઈન રીવાઈઝડ કરવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે આ રીવાઈઝડ ડીઝાઈન માટે ૫૦% લેખે રકમની ફી ચુકવવાની રહેશે.

(૧૪) JNnurm સ્કીમ હેઠળ ચાલી રહેલ EWS પ્રોજેકટો માટે કે જેમાં રીપીટીટીવ ડીઝાઈન મહત્તમ આવે છે તેમાં ફી અંગેનું ધારા–ધોરણ નીચે મુજબ રહેશે.

(અ) પાંચની સંખ્યાવાળા બિલ્ડીંગ માટે પહેલા બિલ્ડીંગ માટે અ.નં.૨ મુજબના ફી ના ધારા–ધોરણના ૧૦૦% અને બાકી રહેતા ચાર બિલ્ડીંગો માટે અ.નં.૨ મુજબના ફી ના ધારા–ધોરણના ૫૦% લેખે ફી ચુકવવાની રહેશે.

(બ) પાંચથી વધુ બિલ્ડીંગો માટે પ્રથમ પાંચ બિલ્ડીંગો માટે ઉપર (અ)માં જણાવ્યા મુજબ અને ત્યારબાદ બાકી રહેતા બિલ્ડીંગો માટે અ.નં.૨ મુજબના ફી ના ધારા–ધોરણના ૨૫% લેખે ફી ચુકવવાની રહેશે.

(૧૫) સ્ટ્રક્ચરલ ઈજનેરોની પેનલ અંગે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૯૧/૨૦૦૧, તા.૦૮–૦૨–૦૧થી મંજુર થયેલ અન્ય તમામ મુળ શરતો યથાવત રહેશે તથા સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૨૩, તા.૦૪–૦૫–૮૯ અને સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૪, તા.૦૮–૦૧–૯૮ આ સાથે રદ કરવામાં આવે છે.

(૧૬) આ નવા નિયમો / શરતો / ફી ના ધોરણ વિગેરે નવો ઠરાવ થયાની તારીખથી અમલમાં લાવવાના રહેશે..

વધુમાં કન્સલટન્ટે જે તે સમયે પ્રવર્તમાન ઈન્ડિયન સ્ટાન્ડર્સ તેમજ સંબંધિત સંહિતા (Code)ને ધ્યાનમાં લઈ ડીઝાઈન તૈયાર કરવાની રહેશે. જે " ઈકોનોમીકલ" હોવી જોઈએ. ડીઝાઈનની ગણતરીની વિગતો ( Design Calculation ) જે તે કામની પુરેપુરી ફી ચુકવવામાં આવે ત્યારથી દશ વર્ષ સુધી રાખવાની ( Preserve) રહેશે અને તેની એક સોફ્ટ કોપી જમા કરાવવાની રહેશે. વધુમાં મહાનગરપાલિકા તરફથી તે માંગવામાં આવે તો વિના વિલંબે દિન–૪ (ચાર)માં રજુ કરવાની રહેશે તેની વિગતો સમયસર રજુ કરવા માટે કન્સલટન્ટને જરૂર જણાય તો તેઓએ તેવી વિગતો બે નકલમાં તૈયાર કરી તેમની પાસે રાખવાની રહેશે.

ઠરાવ નં.૧૦૯૦/૨૦૦૮ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા
તા.૪–૯–૦૮.

કવા.

નં. સીસ્થાસ/૬ 1890
તા. 7/9/2008

Received On
Dt. 9/9/08

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮-૨-૨૦૦૧ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

* * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧-૨-૨૦૦૧ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૧૮૫ થી વિદિત થઈ. સુરત મહાનગરપાલિકાના મોટા બાંધકામોની ડીઝાઈન વિગેરે તૈયાર કરાવવા માટે સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૨૩, તા.૪-૫-૮૯ થી નિયુક્ત કરવામાં આવેલ પેનલમાં વધારો કરવા મહાનગરપાલિકાની પેનલના મંજુર થયેલ ભાવો અને શરતોએ કામ કરવા સંમત હોય તેવા નવા સ્ટ્રક્ચરલ ઈજનેરો પાસે તેમના અનુભવના પુરાવા સહિતના માંગવામાં આવેલ સંમતિપત્ર/અરજીઓના સંદર્ભમાં નિયત સમય દરમ્યાન ૨૭ તથા સમયમર્યાદા બાદ ૧ સંમતિપત્ર/અરજી આવેલ જે પૈકીનો પેનલ ઉપર સમાવવા યોગ્ય અનુભવી નિષ્ણાંત કુલ-૨૨ મળી કુલ-૩૩ સ્ટ્રક્ચરલ ઈજનેરોને તેઓ પ્રવર્તમાન નિયમો, શરતો અને ભાવોએ સ્ટ્રક્ચરલ ઈજનેર તરીકે કામગીરી કરવા નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ કુલ-૩૩ સ્ટ્રક્ચરલની નવી પેનલ મંજુર કરવાનું તથા આ પેનલ ઉપરના સ્ટ્રક્ચરલ ઈજનેરોને નીચે અનુક્રમ નં.૧ થી ૧૧ માં જણાવેલ નવા નીતિ નિયમો અનુસાર કામ સોંપવા મ્યુ.કમિશનરશ્રી દ્વારા સૂચવવામાં આવતા અધિકારીશ્રીઓને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મહાનગરપાલિકામાં ઝોન પ્રથા અમલમાં આવવાથી સ્ટ્રક્ચરલશ્રીઓએ વધારાની સેવાઓ જેવી કે ટેન્ડર પેપર્સ તૈયાર કરવા, બાંધકામમાં ફેરફાર થવાથી રીવાઈઝ અંદાજો બનાવવા, સ્થળ મુલાકાત લઈ ફીઝીબીલીટી તપાસવા, અંદાજના વધારાના સેટ

તૈયાર કરવા. જુની ડીઝાઈન ચેક કરી નવુ વધારાનું બાંધકામ કરવા માટે ડિઝાઈન કરવા વિગેરે જેવી કામગીરી કરવાની રહે છે. પરંતુ આ કામગીરી અંગે કોઈ વધારાનું ચુકવણુ કરવું નહીં.

(૨) આર. સી. સી. બોક્ષ ડ્રેઈનના કામો માટે પ્રથમ ૩૦ મીટર લંબાઈ માટે ટોપ સ્લેબના ચો.ફુટ દીઠ રૂ.૨.૦૦ અને ત્યારબાદની તમામ લંબાઈને રીપીટીટીવ ડિઝાઈન તરીકે ગણી તે માટે ટોપ સ્લેબના ચો.ફુટ.દીઠ રૂ.૧.૦૦ ની ફી ચુકવવાની રહેશે.

(3) કમ્પાઉન્ડવોલ માટે લંબાઈ તથા ઉંચાઈને ધ્યાને લઈ, તેના ચોરસ વિસ્તાર માટેની ડિઝાઈન માટે ચો. ફુટ દીઠ રૂ.૨.૦૦ ની ફી ચુકવવાની રહેશે.

(૪) અંડર ગ્રાઉન્ડ વોટર-ટેન્ક, ઓવરહેડ ટેન્ક, રીટેઈનીગવોલ, પમ્પીગ સ્ટેશન, સમ્પવેલ, ટ્રસ, બ્રીજ, મોન્યુમેન્ટ, ફ્લડ પ્રોટેકશન વર્કસ વગેરેમાં ચો.ફુટ દીઠ ફી ચુકવવાનું વ્યવહારૂ નથી. આ કામોનો વિશિષ્ટ પ્રકાર ધ્યાને લઈ જે તે ચાલુ વર્ષના એસ. ઓ. આર. મુજબ થતી અંદાજીત રકમના ૧% લેખે ફીનું ધોરણ રાખી પરસ્પરની સમજૂતીથી તબકકાવાર ચુકવણુ કરવાનું રહેશે. આ અંગે દરેક કામ માટે અલગ કરારનામુ પણ કરવાનું રહેશે.

આ પ્રકારના કામો માટે સ્ટ્રકચરલ ઈજનેરની તમામ કામગીરી ઉપરાંત ટેન્ડર સેટ તૈયાર કરવાની કામગીરી પણ સ્ટ્રકચરલ ઈજનેરશ્રીએ કરવાની રહેશે. જેમાં ડ્રાફટ ટેન્ડરની ત્રણ કોપીઓ અને ફાયનલ ટેન્ડર પેપર્સ (સેટ) ની ૧૫ (પંદર) નકલો આપવાની કામગીરીનો પણ સમાવેશ કરવાનો રહેશે. તથા ત્યારબાદ રજુ કરવામાં આવતા વધારાના સેટ દીઠ રૂ.૭૫૦/- પ્રતિ શેટના સ્ટેશનરી ખર્ચ પેટે અલગથી ચુકવવાના રહેશે.

(૫) અગાઉ સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૨૩ તા.૪-૫-૮૯ મુજબ સ્ટ્રકચરલ ડિઝાઈન તથા

અંદાજ માટે રૂ.૧.૭૫ પ્રતિ ચો.ફુટ લેખે ચુકવવાનું નક્કી કરવામાં આવેલ ત્યારબાદ સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૪/૯૮ તા.૮-૧-૯૮ થી સદર ફીનું ધોરણ સુધારી રૂ.૨.૦૦ પ્રતિ ચો.ફુટ કરવામાં આવેલ તથા સદર ભાવો ફક્ત બિલ્ડીંગના કામો માટે જ ચુકવવાનું ઠરાવવામાં આવેલ. આથી તે સિવાયની આઈટમોની કામગીરી માટે કોઈ ભાવવધારો આપવાનો રહેશે નહી.

રૂ.૨.૦૦ પ્રતિ ચો. ફુટનો નવો ભાવ ધ્યાને લેતાં રીપીટીટીવ ડિઝાઈન માટે દરેક ચો. ફુટ દીઠ રૂ.૧.૦૦ પ્રતિ ચો.ફુટનો ભાવ ચુકવવાનો રહેશે.

રૂ.૨.૦ ચો. ફુટ ફી પૈકી રૂ.૧.૬૦ ડિઝાઈન વિગેરે માટે અને રૂ.૦.૪૦ અંદાજ માટે ચુકવવાના રહેશે.

(૬) સ્ટ્રકચરલ ઈજનેરશ્રીઓએ ડિઝાઈન, અંદાજ, ડ્રોઈંગ વિગેરેના ૪(ચાર) સેટ આપવાના રહેશે. પરંતુ ૪ (ચાર) સેટથી વધુ હોય તો પ્રતિ નકલ રૂ.૧૦૦/- પ્રમાણે વધારાનું ચુકવણું કરવાનું રહેશે.

(૭) સ્ટ્રકચરલ ઈજનેરોની ફી હપ્તે હપ્તે ચુકવવામાં આવે છે. જે મોડામાં મોડી કામ શરૂ થયા બાદ એક વર્ષ સુધીમાં પુરેપુરી ચુકવી આપવાની રહે છે. જે સ્થળ ઉપર કામગીરી શરૂ ન થાય તો કામ સોંપ્યાથી ૧ વર્ષ બાદ જે તે તબકકે થયેલ કામગીરી ધ્યાને લઈને મુજબ અથવા કુલ ફીના મહત્તમ ૫૦% જેટલી ફી ચુકવી સ્ટ્રકચરલ ઈજનેર ઈચ્છે તો તેમને છુટા કરવાના રહેશે.

(૮) સ્ટ્રકચરલ ઈજનેરોની પેનલ અંગે સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૨૩ તા.૪-૫-૮૯ તથા ઠરાવ નં.૬૪/૯૮ તા.૯-૧-૯૮ ની અન્ય તમામ મૂળ શરતો યથાવત રહેશે.

(૯) આ નવા નિયમો/શરતો/ફીના ધોરણ વિગેરે નવો ઠરાવ થયાની તારીખથી અમલમાં લાવવાના રહેશે.

(૧૦) આ કામોએ કોઈપણ પ્રકારનો ભાવવધારો (પ્રાઇસ વેરીએશન) ચુકવવાનો રહેશે નહિ.

(૧૧) આ સ્ટ્રકચરલ ઇજનેરોને ચુકવવામાં આવતા બીલોમાંથી વખતોવખતના નિર્ણય મુજબ ટેક્ષની કપાત કરવાની રહેશે. સ્ટ્રકચરલ ઇજનેરોને ફી ઉપરાંત પ્રવર્તમાન સર્વિસ ટેક્ષ ૫% લેખે ઉમેરીને બીલનું ચુકવણું કરવાનું રહેશે.

**નવી પેનલ:-**

| | | |
|---|---|---|
| ૧ | હાઈટેક ડિઝાઇન કન્સલટન્સી શ્રી કીર્તિ એન. પટેલ | સુરત |
| ૨ | શ્રી વી. જે. પાસવાલા | સુરત |
| ૩ | શાહ એસોસીએટસ | સુરત |
| ૪ | શ્રી જયેશ વી. નાણાવટી | સુરત |
| ૫ | શ્રી મુકુંદ દલાલ | સુરત |
| ૬ | શ્રી અનંત યુ. સંઘવી | સુરત |
| ૭ | શ્રી ભરત પટેલ | સુરત |
| ૮ | શ્રી જનક એચ. દેસાઈ | સુરત |
| ૯ | શ્રી વિજય સી. શાહ | સુરત |
| ૧૦ | શ્રી સંજય ભટ્ટાચાર્ય | સુરત |
| ૧૧ | સન પ્રોજેકટ કન્સલટન્સી શ્રી સુનીલ વી. ઢબુવાલા | સુરત |
| ૧૨ | શ્રી રાજીવ મારફતીયા | સુરત |
| ૧૩ | શ્રી રાકેશ નવીનચંદ્ર સીગાપુરીયા | સુરત |

| | | |
|---|---|---|
| ૧૪ | શ્રી નટવરલાલ રી. રાણા | સુરત |
| ૧૫ | શ્રી સંદીપ જે. શાહ | સુરત |
| ૧૬ | શ્રી જયેશ અનિલકુમાર દલાલ | સુરત |
| ૧૭ | શ્રી હિમાંશુ પી. લાકડાવાલા | સુરત |
| ૧૮ | શ્રી અવધૂત બી. બીલગી | સુરત |
| ૧૯ | શ્રી હેમંત કે. મહેતા | સુરત |
| ૨૦ | શ્રી જનક ત્રિવેદી | સુરત |
| ૨૧ | શ્રી દેવેન્દ્ર એમ. રંગરેજ | સુરત |
| ૨૨ | શ્રી જીતેન્દ્ર સી. પટેલ | સુરત |
| ૨૩ | શ્રી એહમદ એમ. આમલા | સુરત |
| ૨૪ | શ્રી અરવિંદ એમ. કોન્ટ્રાકટર | સુરત |
| ૨૫ | શ્રી નિરજ કે. પારેખ | સુરત |
| ૨૬ | શ્રી જી. એન. દેસાઈ | સુરત |
| ૨૭ | શ્રી બાબુલાલ કાવજીભાઈ પટેલ | સુરત |
| ૨૮ | શ્રીમતિ જયશ્રી પટેલ | સુરત |
| ૨૯ | શ્રી હિરેન જી. દેસાઈ | સુરત |
| ૩૦ | શ્રી જાલીલ એ. શેખ | સુરત |

..૬..

૩૧ શ્રી ચિંતન ડી. મહેતા સુરત

૩૨ શ્રી મુનીકુમાર એસ. વીમાવાલા સુરત

૩૩ શ્રી હેમંત એ. શુકલા સુરત

ઠરાવ નં.૧૯૧/૨૦૦૧ સર્વાનુમતે મંજુર.

---

સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

જા. કીસ્થાસ્ત/8/. ૧૨૯૦
તા.૧૭/૨/૨૦૦૧

સહી/- પી.એ. સેક્રેટરી.
સુરત મહાનગરપાલિકા.
તા.૧૬-૨-૨૦૦૧.

DHIMMAR.........

C. E. SP. CELL
Inward No. 905
Date 23/02/2001

SUART MUNICIPAL CORPORATION

LIST OF STRUCTURAL ENGINEERS

| SR.NO. | NAME AND ADDRESS |
|---|---|
| 1 | **SHREE KIRTI N.PATEL**<br>Hi-Tech Design Consultancy<br>202,Amar Shilp,Timaliyawad<br>Surat-395001 |
| 2 | **SHREE VIJAYKUMAR J.PASSWALA**<br>SANGAM,2/306,Rustampura,Moto Mahollo<br>Surat. |
| 3 | **SHAH ASSOCIATE**<br>203-206,Jal Darshan Tower,Nera Old Civil Court<br>Nanpura,Surat. |
| 4 | **SHREE JAYESH NANAVATI**<br>Mezzanine Floor, Hiral Shopping Center<br>2/1415/C-7-,J.P.Road,Near Sub Jail Cross Road<br>Surat-395002 |
| 5 | **SHREE MUKUND R.DALAL**<br>132,Ambedkar Shopping Center,Ring Road<br>Surat. |
| 6 | **SHREE ANANT U.SANGHVI**<br>12,Navyug Society,Rander Road<br>Surat-395009 |
| 7 | **SHREE BHARAT M.PATEL**<br>P/103,Samarth Sarathi,Parle Point,Athwalines<br>Surat-395007 |
| 8 | **SHREE JANAK H.DESAI**<br>26,Adarsh Society,Athwalines<br>Surat-395001 |
| 9 | **SHREE VIJAY C.SHAH**<br>212-216,Jaldarshan Appartment,Near Old Civil Court<br>Nanpura,Surat-395001 |
| 10 | **SHREE SANJAY BHATTACHARYA**<br>Flat No.302,Creators Camp<br>Ghod Dod Road,Surat. |
| 11 | **SHREE SUNIL DHABUWALA**<br>SUN PROJECT CONSULTANCY<br>19-20,Amizara,Near Surat Tennis Club<br>Athwalines ,Surat-395001 |
| 12 | **SHREE RAJIV MARFATIA**<br>111,1st Floor, Jaldarshan Tower<br>Near Old Civil Court,Nanpura<br>Surat-395001 |

| SR.NO. | NAME AND ADDRESS |
|---|---|
| 13 | **SHREE RAKESH NAVINCHANDRA SINGAPURI**<br>221-A,Singapuri Wadi,Rustampura<br>Surat. |
| 14 | **SHREE NATWARLAL C. RANA**<br>2,Shakti Appartment,Near Madhuvan Society<br>Nanpura,Surat-395001 |
| 15 | **SHREE SATISH J. SHAH**<br>2,1st Floor, Dhanlaxmi Apartment<br>Near Gokulam Dairy,<br>Surat |
| 16 | **SHREE JAYESH DALAL**<br>5-7-8, Meghdhanush Apartment,<br>Opp.Shivam hotel,<br>Adajan Patia,<br>Surat |
| 17 | **SHREE HIMANSU.P.LAKDAWALA**<br>6/6,Sunita Apartment.<br>Opp.Besant Hall,<br>Sonifalia,<br>Surat |
| 18 | **SHREE AVDHUT B. BILGI**<br>217,2nd Floor,<br>Commerce house<br>Tower road,<br>Surat |
| 19 | **SHREE HEMANT K. MEHTA**<br>2nd Floor, Firoz Chambers,<br>Khand Bazar,<br>Lalgate,<br>Surat. |
| 20 | **SHREE JANAK TRIVEDI**<br>110, Patel Chambers,<br>Opp. Nanpura Police Gate,<br>Surat. |
| 21 | **SHREE DEVENDRA M. RANGREJ**<br>6/592, Motisheri,<br>Galemandi,<br>Mahidharpura,<br>Surat. |
| 22 | **SHREE JITENDRA C. PATEL**<br>Consulting Engineers,<br>5/457, Kaljug Street,<br>Haripura,<br>Surat. |
| 23 | **AMLA AHMED MOHAMMNED SIDDIQUE**<br>7/282/3, Ami Mansion,<br>Badatwadi, Rampura,<br>Surat. |

| SR.NO. | NAME AND ADDRESS |
|---|---|
| 24 | **SHREE ARVIND F. CONTRACTOR**<br>52, Sugam Society,<br>Adajan Patia,<br>Rander Road,<br>Surat. |
| 25 | **SHREE NIRAJ K. PAREKH**<br>8/D, Rudraksh Apartment,<br>Rudradham Sankul,<br>Ambika Niketan,<br>Surat- 395 007 |
| 26 | **SHREE B. K. PATEL**<br>Desing Point,<br>0/9, Panchratna Tower,<br>Lambe Hanuman Road,<br>Surat. |
| 27 | **Smt. JAYSHREE PATEL**<br>B.301, Yogeshar Co. Op. Ho. Society,<br>Anand Mahel Road,<br>Adajan,<br>Surat. |
| 28 | **SHREE HIREN G. DESAI**<br>Dhanmora Complex,<br>Adajan Patia,<br>Rander Road,<br>Surat. |
| 29 | **SHREE JALIL A. SHEIKH**<br>601,602,603, President Plaza,<br>Near R. T. O., Ring Road,<br>Surat- 395 001. |
| 30 | **SHREE CHINTAN D. MEHTA**<br>Sthapati,<br>Architects Engineers And Interior Designers,<br>115/116, Lalbhai Contractor Complex,<br>Nanpura,<br>Surat. |
| 31 | **SHREE MUNIKUMAR S. VIMAWALA**<br>9/1428, Hawadia Chakla,<br>Ambaji Road,<br>Surat. |
| 32 | **SHREE HEMANT SHUKLA**<br>134/135, Ambedkar Shopping Centre,<br>Opp. Ajanta Cinema, Ring Road,<br>Surat. |
| 33 | **SARJAN ASSOCIATES**<br>Shradha - G2, 26/2,<br>Muktanand Nagar,<br>Nr. Sardar Bridge,<br>Adajan Road,<br>Surat - 395 009. |

Deputy Engineer &
P. A. ... (Tech)
Surat